નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ-સામયિક)

જુલાઇ ૨૦૧૯ વર્ષ – ૫ સળંગ અંક – ૨૫



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

o 'નિસ્યંદન' વિશે

o મૂલતઃ ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ : આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o 'નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો :
અમારી વેબસાઇટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઇડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી submit કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ
કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા.
કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મૂકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર/ લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા - યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in

o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

પરામર્શક
જનક દવે
સાહિલ
શશિકાંત ભટ્ટ 'શૈશવ'
જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર
ઈવાન જેમ્સ એટવૂડ
(Evan James Atwood)

*

પરિકલ્પના અને સજાવટ
યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ
જિતુ ત્રિવેદી

*

ટેકનિકલ સહયોગ
ગુંજા વૈદ્ય મંદાર દવે

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⮌ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

O પચીસમા પગથિયે

આ વખતનો અંક થોડા વિલંબ પછી પ્રગટ થઈ રહ્યો છે. તે માટે ક્ષમા પ્રાર્થના. 'નિસ્યંદન'નું એક ઈ-સામયિક સ્વરૂપે પ્રકાશન શરૂ થયું તેને બાવન મહિના થઈ ગયા. આ પૂરા બાવન મહિનાઓનો આપણો સંબંધ હવે કંઈક અંશે પાક્ટ થઈ રહ્યો છે તેમ કહી શકું. 'નિસ્યંદન'ના પ્રવાસના આ ૨૫મા પગથિયે પહોંચ્યા છીએ ત્યારે અહીં થોડી વાર ઊભા રહીને પાછળ જોઈ લેવાની ઇચ્છા થઈ રહી છે.

'નિસ્યંદનન'ના પ્રથમ અંકમાં મેં કહેલું –" 'નિસ્યંદન' સાથેની એક અનામ લાગણીથી પ્રેરાઈને આગળ વધી રહ્યો છું. આ કર્તવ્યભાવનાનો ભાર કે કંઈક કરી રહ્યાનો મિથ્યા અહોભાવ નથી. ગુજરાતભરમાં 'નિસ્યંદન' સરીખા અસંખ્ય લઘુ સામયિકો પ્રગટ થયાં છે, પ્રગટ થાય છે, પ્રગટ થતાં રહેશે. કદાચ 'નિસ્યંદન' અને મારા માટે આજનો દિવસ નિર્મિત હશે એટલું જ. પાછલાં વર્ષોમાં પ્રકાશનક્ષેત્રે ઘણા આયામ બદલાઈ ગયા છે. વીજાણુ-માધ્યમનો વિકાસ, બદલાયેલી મુદ્રણપ્રક્રિયા અને ઇન્ટરનેટે સંપૂર્ણ ચિત્ર બદલી નાખ્યું છે. આજનું 'નવીન' આવતીકાલે જ 'જૂનું' થઈ જાય છે. વીજાણુયુગે સર્જેલી આ ત્વરા રોમાંચક છે તેમજ પડકારરૂપ પણ છે……. ગુજરાતી લખતા–વાંચતા સુજ્ઞ લોકોનો ભાષાપ્રેમ, ગુજરાતી કવિઓની કાવ્યનિષ્ઠા તથા મહાકાળની અકળ ગતિ 'નિસ્યંદન'ની ત્રીજી યાત્રાની દિશા નક્કી કરશે. કોઈ સપનાં નથી, કોઈ દાવો નથી."

વિગત બાવન મહિના દરમ્યાન આ વિભાવનાને વળગી રહેવાનો અમે યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. અને રૂડાં પરિણામો પણ પામ્યાં છીએ.

આગવા કહી શકાય તેવા મણિપુરી કવિતા-વિશેષાંક, ઑફિસકાવ્ય-વિશેષાંક તથા અસમિયા કવિતા-વિશેષાંક થયા; તો સુરેશ દલાલ અને હિંમત ખાટસૂરિયાને યાદ કરતા અંકો પણ બન્યા. ચાર વર્ષ દરમ્યાન આ સામયિક લગભગ આઠ હજાર વાચકોના ઈ-મેઇલ સુધી સીધું પહોંચતું થયું છે અને પરોક્ષ રીતે તે બારેક હજાર વાચકો સૂધી પહોંચી રહ્યું હોય તેવો અંદાજ છે.


આ પ્રવૃત્તિએ મને અંગત રીતે ઘણું આપ્યું છે. જેમને હું કદી મળ્યો નથી છતાંય અંગત કહી શકું, અરે! રાતે બે વાગ્યે ફોન કરી શકું તેવા અનેક મિત્રો આપ્યા છે. સ્નેહીઓ આપ્યા છે. અનેક અભિવાદનો મળ્યા છે, જેનો પોરસ ઊતરતો નથી. આ નાનકડા સામયિકની પ્રતોને (જેમને ગુજરાતી બિલકુલ ન આવડતું હોય તેવા) આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત ફોટો-કલાકારોના અંગત કલાસંગ્રહોમાં પણ સ્થાન મળ્યું છે. આ સંપાદનની અને અનુવાદનની પ્રવૃત્તિએ મને અંદરથી વધુ સમૃદ્ધ કર્યો છે. હું મારી કાવ્યસમજને અણી કાઢી શક્યો છું.

હા, કેટલીક મૂઝવણો પણ રહી છે, જેમ કે આ સામયિકથી બધા જ વાચકો સુધી સચા અર્થમાં પહોંચી શકાયું છે કે કેમ ? (તમારા પ્રતિભાવો જ અમને આ મૂઝવણમાંથી બહાર કાઢી શકે !) અને એક અછત પણ વરતાઈ છે- સાચી અને સારી કવિતાઓની. એક ઈ- સામયિકને કાગળ પર છપાતા સામયિકની સમકક્ષ માન્યતા મળતાં હજુ વાર લાગશે એની ખબર છે અમને.


મણિપુરી કવિતાનો વિશેષાંક, ઑફિસકાવ્ય-વિશેષાંક તથા અસમિયા-કવિતા વિશેષાંક જેવાં અમારી જાણકારી પ્રમાણે ગુજરાતી સામયિકોમાં પ્રથમ વખતના ઉપક્રમો થયા હોવા છતાં હજુ આપણા પ્રમુખ સામયિકોમાં અને દૈનિકોમાં તેના વિષે એક અક્ષર પણ નથી લખાયો (હા! મણિપુરના અગ્રિમ દૈનિકોના પ્રથમ પાને સ્થાન મળ્યું છે તે અલગ વાત છે) આને અમારા પ્રયત્નોમાં હજુ ક્યાંક કચાશ છે - તેમ જ માનવું રહ્યું.

ખેર! અમે સહેજેય થાક્યા નથી; કે નથી અમારે ક્યાંય વિસામો કરવો. આ તો થોડી વાર પાછા ફરીને જોયું અને જે ભળ્યું તે લખ્યું છે... બાકી જેમકે અહીંથી હજુ ઘણે આગળ જવાનું છે. સામે કઠણિયા પથ્થરની સીડી સાદ પાડી રહી છે અને જ્યાં પહોંચવું છે તે તો જોજનો દૂર છે ક્યાંક...

O યોગેશ વૈદ્ય **તારીખ: ૩૧. ૧૦. ૨૦૧૫**



O ઓળખ



૧.

રમતાં ભમતાં આથડીએ
ભમ્મર અજવાળે
અમારી કાયા લોકને મન થીંગડાં
આ થીંગડાં કોણે ચોંટાડ્યાં ?
ખૂટી જાય
સમજણની બધીયે હદ
તોય જવાબ મળે નહીં

અમેય ભરીએ છીએ શ્વાસ
ધબક્યા કરે છે
અમારી નસોમાં ય પળેપળ
પ્રાણના વેગ
ઊછળ્યા કરે છે અંદર અને બહાર
મનના અપરંપાર સમંદર

આ પાર ઊભા રહીને
જોતા રહ્યા દૂરથી જ
દુનિયાની મોજ
મોજમાંથી દુનિયા માથું ઉઠાવી
આ બાજુ જોયા કરતી
કરડી આંખે
એ આંખોને મૂળમાંથી ખેંચી કાઢીને
હવે જાણવું છે કે
એની અંદર એણે
અમારી કેવી ઓળખ સંઘરી છે ?

O ફારૂક શાહ



૨.

કેટલાક લોકો
બાળકો યુવાનો વૃદ્ધો
સ્ત્રીઓ અને પુરુષો
શોધે છે
શેરીઓ- ગલીઓમાં
ઉકરડે પડેલા કચરા અને ચાટમાં
દાનમાં મળતી વસ્તુઓની કતારોમાં
ઘરમાં બહાર
આજુબાજુ ઘૂરકિયા કરતા સમયમાં
સામે મળતા એટીકેટ લોકોની તુચ્છ નજરોમાં
ટીવી પર ટોળે વળીને દિવ્ય બની બેઠેલા
ભક્તોનાં દશ્યોમાં
છાપાંમાં સામયિકોમાં
સાહિત્ય અને જ્ઞાનના
વરણાગી સમારંભોમાં
અધ્યાપકોના શંકાસ્પદ પરિસંવાદોમાં
પોતાના કહેવાતા રાજકારણી ભાઈઓ અને બહેનોનાં
બેધારાં લપસતાં ડહોળાં વચનોમાં
કર્મશીલોનાં ખિસ્સાઓ અને
ભેદ ભરેલી વર્તણૂકોમાં
શિક્ષણ અને માનવતાવાદની બજારોમાં
વગેરે વગેરે જેવી કૈં કેટલીય ચીજોમાં
કેટલાક લોકો શોધે છે
પોતે ડગલે ને પગલે
ગુમાવતા રહ્યા છે
તે જીવનને
પહેલેથી માંડીને છેક સુધી
તેઓની આંખોમાં
હોય છે એક જ પ્રશ્ન
તમે કહો છો એવા અમે નથી
પણ આખરે છીએ તો છીએ શું ?

O ફારૂક શાહ

o નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ



ભદ્રા તું પરમ સ્નેહવતી
રમ્યા તું અખિલેશ્વરી,
પુણ્યા તું અન્યમનસ્કા
ભોગ્યા તું વસુધેશ્વરી...

ક્ષુબ્ધા તું નિતાંત સંકોચવતી
પ્રસન્ના તું અકારણેશ્વરી,
શ્રેયા તું નિત્ય સુહાસવતી
પ્રિયા તું માધુર્યેશ્વરી...

સૌમ્યા તું સતત સંવારતી
વ્યગ્રા તું રૌદ્રેશ્વરી,
દૈન્યા તું નિમીલિત નેત્રવતી
હેયા તું ક્ષુબ્ધેશ્વરી...

પુષ્ટા તું પરિવારપ્રાણેશ્વરી
રુષ્ટા તું હડહડ થતી, ક્યાંય ન ઠરતી
કલહોનાં ઊંડાણે ગુપચુપ શાન્ત સરતી
નષ્ટા તું સ્વયમેશ્વરી...

o રમણિક અગ્રાવત



o એક પારસીની દોઢસોમી વરસગાંઠ



સાચ્ચા સાધુ ‘આયુસમાન ભવ’ એવું કહી ગયેલા. મતલબ કે
(બાજુના મોલ્લાના) ‘આય ઉસમાન જેવા થજો ’,
જે ઘનું જીવેલા.

મારાં દોરસો વરસની સવારે જાગીને જોઉં છ તો
કોઈ મને હિસ્ટ્રીની એકાદ મિસ્ટરી પૂછવા કે
વર્લ્ડ પૉલીસી પર મારી સલાહ પૂછવા આવેલું જનાયું નહીં.
(ધારો કે 1857ના જમાનાનો કોઈ માનસ મલી જાય
તો તો હું એને સું સું નહીં પૂછું?)

અગિયાર વાગે મારા નેવું વરસના ગ્રાન્ડસનને
એ લોકો બેબીસીટિંગ સારુ મૂકી ગિયા—
આય આપરા લોકોની આડટો...
આપરે કહીએ બી સું ને નહીં કહીએ બી સું?

સાંજે વરસગાંઠની ઉજવનીમાં
ફૂંક મારીને મીનબત્તીઓ બૂઝવતાં
હું સાત વખત ઢલી પરિયો.
પેલા ચિનુ મોદી બોલી પરિયાઃ
એક પછી એક પછી એક પછી એક
કાપિયા કરસે, ખાધા કરસે બર્થડેની કેક? *
કેટલી વખત, કેટલી વખત, ... ?
પછી એવનનો અવાજ મીનબત્તીની માફક જ બુઝઈ ગિયો;
ખાલી વરાલની માફક ગનગનાટ રયોઃ કેટ..લી... કેટ..લી.
બબ્બે લીટીઓ બોલીને
એવનને તો હવે ઝોકું આવી જાય છ !
આપરે જવાબ આપિએ તો બી સું,
ને નહીં આપિએ તો બી સું?

રાતે સવાસો વરસની છોકરીની સાથે લવ કીધો;
(ચાંડનીમાં સાથે ફરવા જવાની મુરાદ ... જતી કીધી.)
કૂતરા સીઝરે ખૂનામાં બેસીને જોયા કીધું.

લેવ, દિવસ વીતિયો, ને લેવ, રાત બી ગઈ.

o વિરાફ કાપડિયા

(* એક પછી એક પછી... - કવિ ચિનુ મોદીના એક કાવ્યની એવી જ પંક્તિઓ ઉપરથી)

O ઓયડો



Rustic language is
skin of red blood poetry.

મા અને દાદી
ઓરડાને ઓયડો કહેતાં
હું પણ એ જ બોલવા લાગ્યો
શહેરના દોસ્તારો મારી બોલીની મજાક ઉડાવતા
ત્યાં સુધી કે મારું નામ ઓયડો પાડ્યુ...

મોટો થતાં
સીવિલાઇઝડ કલ્ચર્ડ સોફેસ્ટિકેટેડ કહેવાયો
નોસ્ટેલ્જિકની ગાળથી બચવા
સભાનપણે હું રૂમ બોલું છું.

આજે મારા ફ્લૅટના રૂમને ભૂલથી રૂમ કહું
તો લાગે છે હું જેલમાં પુરાઈ ગયો છું

ઓયડો જ કહું
ત્યારે મારામાં મારા ગામ-ઘરના
કેટલાય ઓયડાઓ ખૂલી જાય છે
ઓયડામાં ખૂલી જાય છે ઓસરીઓ
બારસાખો ઉંબરાઓ ગોખલાઓ પાણિયારાઓ
રાંધણિયાઓ ચૂલાઓ.......

દોસ્તારો, મા દાદીના સમ
ઓરડાનું ઓયડો જ બોલું છું
ત્યારે લાગે છે હું જીવું છું
જુઓ મારી આંગળીઓ પર
હજુ એ બોયડીના
ચણીબોર જેવડા લોઈના ટશિયાઓ છે......

O મહેન્દ્ર જોશી

O રાવજી - આ પણ અંગત



ઊઘડી ગ્યું છે.
જુવા જેવડી જીભ અમારી
શ્હેર વચાળે લબડે
અર્થ વગરનું બબડે
ડૂબ્યો અંદર અઢળક ડૂબ્યો
પાનેપાને હભળક ડૂબ્યો
સીમ શેઢો સૈનિક સઘળું
ખેતર વચ્ચે ઊભા
ઓય મા કરે તાપણું રાતું
પીળું ને મદમાતું
અમને લોહીમાં ગાઠ્યું પડતી
જીવને કમખાસોતી અડતી
અડતો અમદાવાદનો વાયુ
ઘોર ઘટામાં કાજળછાયુ
આંખની સામે
પીળું ઘમ્મર
ઝાંઝરનો ઝણકાર બનીને
વેદ તણો પડકાર બનીને
ચીસ ઊભી છે
પાનું સળગ્યું
હું પણ સળગ્યો
આખેઆખી ભાષા અંદર
એક ગુલાબી ઝરણું
મારી ટાઢકનો પર્યાય
અરે હરખ ગણો આ કેવો
મને અડે ઝુરાપો
ઓહો તરે તરાપો
મારી ભાષા અંદર ખાંપો
હાય હાય ભાષા અંદર ખાંપો

O નરેશ સોલંકી

O પાંચ ગઝલ



O એક

તારા ઉપર પડી તો દૃષ્ટિ દુકાળ થૈ ગૈ
તડકો જરા અડ્યો તો વાચા વરાળ થૈ ગૈ

સમથળ સપાટ ભૂમિ ફફડી તો ઢાળ થૈ ગૈ ,
સઘળી દિશાઓ જાણે લીમડાની ડાળ થૈ ગૈ


સૌથી વધારે લોકો એમાં ભણી રહ્યા છે
કપરી પરિસ્થિતિઓ જાણે નિશાળ થૈ ગૈ

બિગબૅન્ગ જેવી ઘટના ફૂલો મહીં ઘટી છે
બ્રહ્માંડ જેમ પ્રસરી ખુશ્બૂ વિશાળ થૈ ગૈ

એકવાર આંગળીથી ઝાકળને સ્હેજ ચાટી
ને તે દિવસથી મારી ભાષા રસાળ થૈ ગૈ

O કુલદીપ કારિયા





O બે

એકેય બારણું તને ખુલ્લું જડે નહીં
જોઉં છું કઈ રીતે પછી તું તરફડે નહીં

વીતેલ ક્ષણનો ફોન કદી આવે છે અહીં
એને ઉપાડું કેમ? મને આવડે નહીં

હું છું સવારે ગૂંગળાતી પાંખડી સમો
ઊઘડવા ચાહે તોય કળી ઊઘડે નહીં

પીળી પડી ખરી રહી છે મારી લાગણી
એને કહો કે બસ હવે બીજે અડે નહીં

માથા ઉપર લઈ ફરું છું યાદ એમની
ઇચ્છું છતાં એ કોઈ દિ નીચે પડે નહીં

O કુલદીપ કારિયા

০ ત્રણ



સૂતા-સૂતા હું જોઉં છું કે છત ચમકે છે.
ઘર સોસરવી નજર સીધી વાદળને અડકે છે.

એ બાજુથી ઘણા વરસથી નહિ નીકળતો હું
એ શેરીમાં મરી ગયેલું મકાન ભટકે છે.

સૂરજ વરસી અટકી જાય પછી તો ક્યાંય સુધી
વૃક્ષોમાંથી ટીપે-ટીપે કિરણો ટપકે છે.

ઝાડ સમું મોટું મંદિર મેં જોયું નહિ ક્યારેય
ધજા હોય એવીરીતે સૌ પર્ણો ફરકે છે.

મારા કાવ્યોમાં ધાતુ છે તમે તપાસી લો
જો ઊંચેથી નીચે પડે તો કાગળ રણકે છે.

০ કુલદીપ કારિયા



০ ચાર

અને લાલ ખુશ્બૂ પરી થઈ ગઈ છે
અને એક હોડી નદી થઈ ગઈ છે

અને આજ ચાદરમાં આળસ અનાદિ
અને યૌનઇચ્છા કવિ થઈ ગઈ છે-

અને દૂધ માખણનો પિંડો થયું છે
અને તુંય નિર્દય છરી થઈ ગઈ છે

અને એક ક્ષણને મેં વાવી'તી હોઠે
અને તારી છાતી સદી થઈ ગઈ છે

અને બારણાં કેદ તોડીને ભાગ્યાં
અને ઘરની હાલત છતી થઈ ગઈ છે

અને રોજ વાગું અને હું રુઝાઉં
અને આમ બસ જિંદગી થઈ ગઈ છે

০ કુલદીપ કારિયા



o પાંચ

આને હું કેમ રોકું? આપો મને નિવારણ
ચોવીસ કલાક ચાલે, મનમાં કોઈ પ્રસારણ.

કુલી બની ગયો છું, વેંઢારું થાક સહુનો
થોડી ક્ષણો બધાનું, હળવું કરું છું ભારણ.

વરસાદ આવશે તો ઊગશે હજાર સૂરજ
વાવ્યું છે તારી અંદર અજવાસનું બિયારણ

કવિતા તું તો ગજબ છે, તે માછીમાર માફક
મારામાં જાળ નાખી, કાઢ્યું જીવનનું તારણ.

o કુલદીપ કારિયા





o ગઝલ

પ્રથમ જઈ તપાસોને ખપ રે તપસ્વી
પછી આદરો ઊંડું તપ રે તપસ્વી

હડી કાઢી કરવું હડપ રે તપસ્વી
પછી ધ્યાન ધારણ ને જપ રે તપસ્વી

જુલમ, જોર ને છે ઝડપ રે તપસ્વી
થયું ગાડું તો કેમ ઠપ રે તપસ્વી ?


છે મેળાપનો કે રજાનો સમય આ ?
મને કેમ લાગે છે લપ રે તપસ્વી ?

ઘણે ઊંચે ઊડવા વિહગ ના મળે તો
કરો કોઈ બીજી તલપ રે તપસ્વી

જરા આંખ ખોલો, વખતને પ્રમાણો
જટામાં ફૂટે છે લીલપ રે તપસ્વી

o સૂર્યકાંત નરસિંહ 'સૂર્ય'

O સખાવત પણ કરે



ના કહે ને હામાં સંમત પણ કરે
જ્ઞાનની સાથે એ ગમ્મત પણ કરે

કામ કંઈ એ બે નથી પણ એક છે
નાચવા સાથે એ ઇબાદત પણ કરે

બહાર નીકળતાં ડરે છે બે ઘડી
બે ઘડી, બસ, બાદ હિંમત પણ કરે

એવું લાગે છે ને એવું હોય નહીં
વાત જાણે એની અંગત પણ કરે

કંઈ નહીં એવાય જોયા લોક મેં
દાન માગે ને સખાવત પણ કરે

O ભરત વિંઝુડા





O સખીઓ

એકને બદલે અગણિત સખીઓ !
થઈ મને જોઈ ભયભીત સખીઓ !

નીકળી સૌ પરિચિત સખીઓ
એક સખીની નિમંત્રિત સખીઓ !

એકબીજાંને કહેતી હશે શું ,
આ કુંવારી ને પરિણીત સખીઓ !

જાય છે એક ને બીજી આવે
આમ રાખે સુરક્ષિત સખીઓ !

રાસલીલામાં જોવા મળેલ
કંઈ સખાઓથી વંચિત સખીઓ !

સાવ શ્રોતા બનાવી મૂકે છે ,
સંભળાવે નવાં ગીત સખીઓ !

કોઈ બીજાને ક્યાં કંઈ પડી છે ,
છે પરસ્પરથી ચર્ચિત સખીઓ !

O ભરત વિંઝુડા

O ચન્દ્ર - હાલરડું



બે આંગળી વચ્ચેથી દેખાતો
ચંદ્ર મારા ગળામાં બાઝેલ ડૂમાને
ધીમે ધીમે મલમ લગાડે છે
મારું અસ્તિત્વ આંસુ બની
ઓળઘોળ થઈ ગયું છે ચાંદનીમાં
મને કોઈ લેબોરેટરીમાં લઈ જાઓ
અને તપાસો કે કેમ
મારી ચામડીને
લોહી સાથે બનતું નથી
હું આ સૂર્યવંશી હાડકાંઓને
મનાવી મનાવીને
ઈજિપ્શિયન મમી જેવો થઈ ગયો છું
કોઈ મને ચૂંટી તો ખણો !
કદાચ મારા હોઠ કંઈક બબડે
કદાચ રૂંવાંટી ઉપાડે કોઈ અસ્ત્ર અને
ઘોંચી દે ખુશીઓનો સમુદ્ર
મારા બેશુદ્ધ ડીએનએમાં
ફૂટી જાય ગળે બાઝેલા ડૂમાનો ડેમ
અને ભીંજાઈ ગયેલા મને
આખે આખો ચંદ્ર
હાલરડું ગાતો વળગી પડે!

O શ્રીરામ કડિયા



O Buddha's shadow

બૌદ્ધ ભિક્ષુની કરચલીઓમાં
સૂએ છે
ગૌતમ બુદ્ધનો પડછાયો
ગુફાની તિરાડોમાં ફૂટી રહ્યા છે
મંત્રોના માર્મિક ફણગા
દીવામાં બળતું ઘી
ધ્યાન ધરતી રજકણો
અને
સ્વરપેટીમાંથી ક્ષણે ક્ષણે
જન્મ લેતો ઓમ
લખચોરાશીની લીટીને ભૂંસવા મથે છે
કપાળની વચ્ચે જ
ચક્રવાત રૂપે ફરતો ભૂતકાળ
બની ગયો છે એક ફૂટી કોડી
ઘસઘસાટ ઊંઘતી ઇચ્છાઓ
અને હાડપિંજરમાં કોઈ ફરક રહ્યો નથી
નિરુત્તર સ્તોત્રમ અને
સર્વતાથાગત સ્તોત્રમથી ડરીને
એક એક ઇન્દ્રિય માછલી પેઠે તડફડે છે
સ્તબ્ધ દીવો પોતાની જ્યોતથી જ
ઠંડક અનુભવે છે
ભિક્ષુની બંધ આંખો પૂછે છે
હે સ્થિર શાંત સમય
હવે તારું કોણ? હવે તારું કોણ?
અનંતના ઘમાસાણ ઘમાસાણ પછી
અવતરે છે વિતરાગ
છેલ્લી બચેલી ઇન્દ્રિયના ઊંડે છે ફુરચે ફુરચા
જાગી જાય છે
ગૌતમ બુદ્ધનો પડછાયો.

O શ્રીરામ કડિયા

O અ થી ઉ - ચતુરંગ

અ-

આંખનાં પોપચાંની અંદર
ઊગેલા લીલાછમ્મ ખેતરમાં
કાંડા-કપાયેલું વૃક્ષ
પોતાનાં લીલા પર્ણોની
ફોજ જમા કરી બીજા વૃક્ષને
ચાલવાનો પડકાર આપે છે
પણ બીજા વૃક્ષનું મૂળ
ચાલવાની ના પાડે છે !

આ-

દોડીને થાકેલું વંટોળિયું
મારી નસોમાં ઘૂસવા રઝળપાટ
કરી મુકે છે
એક નાનો-શો બળદ
મારા દરેકે દરેક આર્ટિફિશિયલ
હાવભાવોને ઢીંક મારી
મને મનુષ્યતા સમજાવે છે
ખમ્મા ખમ્મા કરતો એક પૂંછડિયો તારો
ખાબકે છે મારી મૂછોના વાળમાં
હું જીવનભર રેઝર પકડતો નથી!

ઇ-

ગૅમ્બલિંગમાં હારેલો પર્વત
ચડેલું દેવું ચૂકવવા
પોતાનાં શિખરો ગીરવે મૂકે છે
બ્રહ્મપુત્રાનાં વમળોમાં વાદળ
આત્મહત્યા કરતાં જાય છે
પાણીમાં તણાતી જાય છે બાષ્પ
નિઃસાસા નાખે છે કિનારા
સ્તબ્ધ છે બે ઑફ બેન્ગોલ !

ઉ-

ગ્રીષ્મના પવનથી
તૂટેલી તબિયતનો ચરખો
આજે ઓઇલિંગ માગે છે
લઘરવઘર કોયલનો ટહુકો
કેરી પકવી શકતો નથી
બોગદામાં ફસાયેલી ટ્રેઇન
ગૂંગળાય છે પોતાનાજ ધુમાડાથી
ઊંઘમાં બોલતું ઘાસ
છંછેડે છે ઇતિહાસને !

અ થી ઉ -

વૃક્ષ, રેઝર, બ્રહ્મપુત્રા, ઘાસ
ચાર ચાકડાની જેમ ફરે રાખે છે!

O શ્રીરામ કડિયા



૦ શીતાલાપ

વેધર ફોરકાસ્ટ સામાન્ય છે
હું કેમ્પથી પાંચ માઈલ દૂર પહોંચી અટકું છું
બરફના દસ ફૂટ જાડા થર પર
દસ-બાર બાલુડા પેંગ્વિન હાલકડોલક ચાલે રાખે છે
બાજુમાં જ તોતિંગ બિસ્માર એવી રિસર્ચ નૌકા શીતસમાધિમાં
ધીમે-ધીમે પોતાનું અસ્તિત્વ વિલીન કરતી જાય છે
મારા સ્લેજ કૂતરાઓ લાંબા સમયે પ્રગટ થયેલા માદક સૂર્ય પ્રકાશમાં
પોતાના પડછાયા જોઈ સ્ખલિત-અસ્ખલિતપણે ભસે છે
દાઢી પર ચોંટેલા બરફકણો પર પવન ઘડી બે ઘડી લટકી આગળ વધે છે
દૂર પડેલા બરફના વિશાળકાય ચોસલાંઓ પોતાના સ્વભાવમાં મગ્ન છે
જાણે કે તેમના પર સમયની કોઈ અસર જ નથી
આજે મારી કૅમ્પ તરફ પાછા જવા કોઈ જ ઈચ્છા નથી
કેમ્પમાં જઈશ તો લૅપટોપ, ઈ-મેઇલ અને સેટેલાઇટ ફોન કરી નાખશે મને પાંગળો
રશિયન્સ, જાપાનીસ, નોર્વેજીયન્સ વગેરે સાથે ચર્ચવા લાગીશ રિસર્ચના અટપટાં સમીકરણો
અને ડિનર પછી જીભ પર સિમેન્ટ જેમ ચોંટી જશે વોડકાની કડવાશ
સૂઈ જઈશ મમી જેમ છ બાય છની સ્લીપિંગ બૅગમાં કોઈ ખલનાયક પાત્ર માફક
ઊઠીશ ત્યારે એવો ને એવો જ હશે કેમ્પ, ચિત્રવત્ ,
નદીના કિનારા ઘસાય એમ આખે આખો કૅમ્પ ઘસે રાખશે મારી મનોદશા
લટકતા કૅલેન્ડર પર બરફ થઈ ગયેલી તારીખો દઝાડે રાખશે મને નિર્દયપણે
હું મસ્તીથી રમતા સ્લેજ કૂતરા તરફ નજર માંડું છું
તેમને વેધર ફોરકાસ્ટ સાથે કોઈ જ લેવા-દેવા નથી
પથ્થર જેવા બરફમાં જીવાશ્મ શોધવામાં અડધી જિંદગી ધુમ્ર થઈ ગઈ
પણ સામે મળતાં પેંગ્વિન અને મહાકાય વોલરસ એટલાં ને એટલાં જ સુંદર છે
તેમની ચેષ્ટાઓ, નિર્દોષ કિકિયારીઓ અને ક્રીડાઓને
આ અણીશુદ્ધ બરફ અત્યંત શુદ્ધ ભાવે ચાહે છે
બરફમાં પાંચ ફૂટ ઊંડે ગરક થયેલી યાંત્રિક શારડીને હું બંધ કરી દઉં છું
જઈને બેસી જઉં છું સ્લેજ કૂતરાઓના ટોળા વચ્ચે ગેલ કરવા
આ અદ્‌ભૂત એન્ટાર્કટિકાને સમજવા શારડી-યંત્રોની કોઈ જ જરૂર નથી
સ્લેજ કૂતરાઓની હૂંફાળી જીભ ચાટે રાખે છે મારા ગાલ
હું મનોમન નિશ્ચય કરી લઉં છું -
પેંગ્વિન જેવી ચાલ શીખવાનો.



૦ શ્રીરામ કડિયા

O દૂન્યા મિખાઇલની કવિતા..

O યોગેશ વૈદ્ય



'સમુદ્રથી વછોઈ એક લહેરની ડાયરી' એ દૂન્યા મિખાઈલની યુદ્ધ અને તેની અસરોની બે ભાગમાં લખાયેલી કવિતા છે. તેનો અડધો ભાગ ૧૯૯૫માં ઈરાકના શહેર બગદાદમાં પ્રકાશીત થયો; જ્યારે ત્યાં સદામ હુસેનનું શાસન હતું. અને આ પુસ્તકના પ્રકાશનથી ઉત્પન્ન પરિસ્થિતિઓએ તેમને ઈરાક છોડવા મજબૂર કર્યાં. ૧૯૯૬માં ઈરાક છોડી અમેરિકા જઈ વસેલાં દૂન્યા મિખાઇલે આ કવિતાનો બીજો ભાગ લખ્યો. સ્વાભાવિક રીતે જ આ ભાગમાં તેઓ ઈરાકમાં રહીને જે ન લખી શક્યાં તે લખ્યું. આ કાવ્ય એ દૂન્યાના અતીત અને વર્તમાનનું કાવ્યસંકરણ છે. અહીં આ ખૂબ લાંબા કાવ્યના કેટલાક અંશોનો અનુવાદ આપી રહ્યો છું...

સપનામાં બાળકે તેની મુઠ્ઠીઓ ભીંસી લીધી
જ્યારે તેણે ફરી ફરીને હુકમ સાંભળ્યો :
ગોળી મારી દો આપણા દુશ્મનોને.
ગોળી મારી દો આપણા દુશ્મનોને.

બાળક જાગી ગયું અને તેણે તેની માને પૂછ્યું:
"હેં મા ! દુશ્મન એટલે શું, ?"
"તેઓ ભૂતડા હોય છે સરહદોની પેલી પારના
બંદૂક તાકીને ઊભેલા હોય ચાંદા તરફ"
" પણ ચાંદો તો આપણા બધાંનો છે. તેમનો પણ, આપણો પણ.
શું તે આપણા ભાગના ચાંદા પર ગોળી ચલાવી રહ્યા છે?"
" હા, ક્યારેક અચૂક નિશાન લગાવે છે
અને ચાંદો તૂટીને પડી જાય છે . ક્યારેક અડધો અથવા તેનાથી થોડો વધુ
અને ક્યારેક ક્યારેક તો આખેઆખો જ ચાંદો વિંધાઈ જાય છે."
" એનો અર્થ એમ કે ક્યારેક ક્યારેક
ગોળી તેમના પોતાના અડધા ભાગમાં પણ વાગી જતી હશે ને, મા?"
" હા , તેમ થાય તેને બલિદાન આપ્યું કહેવાય.
આપણને આપણી જણસોથી વિખૂટા પાડવા
તેઓ પોતાની જણસોનું બલિદાન આપી દે."
" બદલામાં તેમને શુ મળે, મા?"
" તેઓ આપણી નિશ્ચિત જીતને વિફળ બનાવી દે"
" જીત એટલે?"
" તે આપણાં નસીબમાં હાર લખી દે છે"
"હાર એટલે ?'
"જીતને હારી જવી કે હારને જીતી જવી"

" આપણે અહીંથી જઈશું ક્યારે?"
" ક્યાં જઈશું ? "
" ત્યાં- જ્યાં ચાંદો ખરી પડતો ન હોય "
++++

કાલે ચાંદો પડી ગયો તાવડીમાં
અને શેકાઈ ગયો રોટલીની સાથે.
મેં એક ભૂલ કરેલી. પ્રાર્થનામાં કહેલું :
સ્વર્ગમાં બિરાજતા હે પરમપિતા, અમને ચાંદો આપો..
એ જ, અમારો રોજ વાળો ચાંદો..
પછી આ ભૂલને સુધારતાં કહ્યું : મને માફ કરી દો,
હું ચાંદો ખાઈ ગઈ તેના માટે.
જાણું છું કે તમે સર્વવ્યાપી છો.
પણ મને તો પ્રતીક્ષા છે તમારાં ગીતોની
જો કે આ ક્ષણે હું રાહ જોઉં છું વિખૂટા પડેલાંઓની.

દરરોજ અમે અમારી ઇચ્છાઓ લખીએ છીએ
એક કાગળની ચબરખીમાં
અને એ ચબરખીને એક થેલામાં રાખી દઈએ છીએ.
શું એ સાચું છે કે રોજ શૈતાન આવે છે
અને થેલાને નર્કમાં લઈ જાય છે?
હે પરમપિતા ! રોકો તેને ! રોકો તેને રસ્તા વચ્ચે આંતરીને ,
અમારી ઇચ્છાઓને અમારા ઉપર ફેંકશો નહીં.
બહુ જ વજનદાર છે તે,
અને કદાચ એમ ના પણ હોય તોયે
એ પૂરતું છે કે તે યાદ અપાવે છે કે અમે જુઠ્ઠું બોલ્યાં હતાં
અમે જુઠ્ઠું બોલ્યાં હતાં અમારી જાત સામે.
હે પરમપિતા, તમે જ તો હુકમ કર્યો હતો જુઠ્ઠું ન બોલવાનો.

ઉજ્જડ જમીન પર ઊગ્યા છે અમરા સૈનિકો.
તેમાંથી કેટલાક સ્વર્ગ તરફ ઊડી ગયા .
તેમને લાગ્યું કે વાદળો તેમનાં દુશ્મન છે
એટલે તેમની પાંખો પછાડી વાદળો પર
અને માતાઓની આંખોમાં વરસાદ ઊમટ્યો.

હે પ્રભુ ! તમે એમને શું કહ્યું હતું સ્વર્ગના દરવાજા ખોલતાં ?

અમારો મુલક સૂએ છે ઊભો ઊભો, મૌન;
તેનો સમય વીતે છે ઊભો ઊભો, મૌન;
આ હૃદયના ધબકારા પણ મૌન થઈને ઊભેલા.
તો આવો, એક મિનિટ ઊભા ઊભા મૌન પાળી,
આપણે પણ શોક મનાવીએ.

ઓ મારી માતૃભૂમિ, તારી પાસે એક વિચાર છે સોઈ જેવો
(અણિયાળો, બારીક અને ખૂંચી જાય તેવો)
તારી આંખમાં ઇતિહાસ દાખલ થાય છે
અને બહાર આવે છે ચારણી થઈ ગયેલી હેલ્મેટ.
વારે-વારે ધરતીકંપના ઝટકા આવે છે તારી જમીન પર
જાણે કોઈ અદશ્ય હાથ દિવસ-રાત તારાં વૃક્ષોને હચમચાવે.

તેમણે તારી નાકાબંધી કરીને પાણીમાંથી ઑક્સિજનને હાંકી કાઢ્યો
અને પાછળ વધેલ હાઈડ્રોજનનાં અણુઓને
એક-બીજા સાથે ઝગડતાં છોડી દીધાં.
શું મુલકોએ પરેશાન થવું જોઈએ કોઈ છોકરીનો ચહેરો જોઈને
કે એ છોકરીએ પોતાનાં આંખ અને મોંને બંધ કરી લીધાં છે
સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવ સામે સમર્પણ કરતાં. ?
પણ તેઓ તો બસ થોડુંક જ ખોલે છે પોતાનું મોં
ખૂબ જ થોડું,
ખબર નહીં બગાસું ખાતાં ખોલતાં હોય કે મૂછમાં હસતી વેળા.

અમે અમારા સમયમાં જગ્યા બનાવી દરેક તારા માટે,
અને અમારાં મૃતકો તો કબરવિહોણા જ રહ્યા.

અમે એકેક ફૂલનાં નામ લખ્યાં દીવાલો પર
અમે, ઘેટાં,
તે ઘાસ ઉગાડતાં રહ્યાં
અને ઊભાં રહ્યાં હવામાં ફેલાવીને અમારા હાથ
કે જેથી વૃક્ષ જેવાં લાગીએ.
આ ભીંતોના ઘેરાને બગીચામાં ફેરવવા માગતી એક ભોળી મધમાખી
આ ચાલમાં ફસાઈ
અને દીવાલ સાથે ટકરાઈ ને છુંદાઈ ગઈ.
તે તો દીવાલને એક ફૂલ સમજી અને ઊડી આવી હતી અહીંયાં.

શું મધમાખીઓએ આવા ઘેરાઓને વળોટવાને સમર્થ થઈ જવું ન જોઈએ ?

અમારી સામે લાંબી લાઇનો છે
ઊભા છીએ અમેં, ટેરવાં પર લોટનાં વાસણો ગણતાં
અને સૂરજને વ્હેંચીએ છીએ અરસપરસ ખખડતાં આ વાસણોમાં.

લાઇનમાં ઊભાં ઊભાં જ સૂઈએ છીએ
અને તજજ્ઞો ઊભી કબરોની શોધ કરી રહ્યા છે
કેમકે ઊભા ઊભા જ તો મરી જવાનું છે અમારે

અમે છીએ એવું જોણું જેમાં જોવા માટે કશું જ નથી હયાત
જોકે અસ્તિત્વમાં છીએ અમે
જો ફક્ત રાજનીતિ માટે જ ના ગણાતી હોય અમારી હયાતીને તો.

અમારાં ફૂલો સપનામાં દીવાલોને માપે છે.

બારીઓ સપનાં જુએ છે સારસનાં.
સામે ખોવાઈ ગયેલા લોકો ચીમનીથી નીચે પડી રહ્યા છે.

અને અનાથ છોકરાં આવે છે ભૂગર્ભ બોગદાંઓમાં
જાણે તેઓ એક દીર્ઘ ચુમ્બન ના હોય !

રોજ અમે હરિગુણ ગાઈએ
અને વેઠીએ શૈતાનની ઘોંચ
પછી દુઆ કરીએ માભોમ માટે
અમારા ખોવાઈ ગયેલા સ્વર્ગ માટે
દરરોજ તેઓ અમારી બરણી ભરી દે છે યા તો શબ્દોથી અથવા યુદ્ધથી
અને દરરોજ અમે બરણીને ભાંગી ને ભુક્કો કરી નાખીએ છીએ.



યુદ્ધના સોદાગર વેચે છે હવા
અને મહિમા ગાય છે ટીનના ચંદ્રકોનો
અને દરરોજ છોકરીઓ ઘઉંમાંથી કાંકરા વીણે છે
અને કાથરોટમાં ચાળે છે વાદળાંને
કે માથોડાથીય વધી જાય કપાસ
જાણે કોઈ સફેદ પોષાકમાં ઊગી નીકળ્યું હો પરિવર્તન
અને છોકરીઓને તો ખબરેય નથી હોતી કે
આ કફન છે કે છે લગનનું પાનેતર.
+++++++

મારા બાળપણમાં ફોટાઓ અને મારી બધી વસ્તુઓ હતી
બ્લૅક એન્ડ વ્હાઇટ
એક નાવડીમાં બેઠાં બેઠાં લખી મેં મારી પહેલી કવિતા
કે મોજાં આપણી જિંદગી જેવા હોય છે
પહેલું મોજું તેના ગંતવ્ય સુધી પહોંચે પહોંચે ત્યાં
બીજું ચાલી નીકળે છે કિનારા ભણી
મારા કાકાની દીકરીએ આ કવિતાના કાગળની નાવ બનાવી
અને વહાવી દીધેલી નદીના પાણીમાં... અમે દૂરથી તેને તરતી જોતાં રહ્યાં.

મારો એક ફોટો છે, મારી પહેલી પ્રિય ચોપડી વાંચતી હોઉં તેવો
એક હાથીની વારતા જેમાં હાથી જાતે જ ચાલી નીકળે છે કબ્રસ્તાન તરફ
જ્યારે તેને ખ્યાલ આવે છે કે તે મરી જવાનો છે

લગ્નના પોશાકમાં મારી મા
મારા બાપ કરતાં ઘણી નાની લાગે છે
માએ કહેલું " લગ્ન પહેલાં મેં તેમને જોયા પણ ન્હોતા"
" તે દિવસોમાં પતિઓ નદીની માછલી જેવા હતા –
તમને ખબર જ ના પડે કે તેઓ સારા છે કે નઠારા.
પણ પાડ માનું ભગવાનનો કે તારો બાપ દુનિયાનો સહુથી સારો માણસ હતો"
કેટલાક ફોટાઓમાં મારી માએ કિમોનો કે ટૂંકા સ્કર્ટ પહેરેલાં છે
" શું દિવસો હતા એ ! " તે કહી પડતી

એક વાર હું રાત આખી જાગતી રહી સાંતાક્લોઝની રાહ જોતી
મારે કેવળ ભેટ-સોગાતો જ ન્હોતી જોઈતી; તેને રૂબરૂ મળવું હતું
સવારે મારા મા-બાપે મને જાગતી ભાળી
અને તેમણે મને કહેવું પડ્યું કે સાંતાક્લોઝ - બાંતાક્લોઝ જેવું કશું છે જ નહીં
તે ક્રિસમસ પર મેં બન્ને ને ખોયાં –
સાંતાક્લોઝ અને તેની ભેટ - સોગાતો

પડોસનો એક છોકરો છે ફોટામાં મારી સાથે
જેણે મારો ચોટલો બાંધી આપ્યો હતો એક વેળા
એક ચિઠ્ઠી પકડાવી હતી જેણે મને , જેમાં લખ્યું હતું
"તને પ્રેમની કોઈ સમજ જ નથી! બાળકી "

અહીં હું પલંગની નીચે છુપાઈને રોવા લાગી
જ્યારે તેણે મારા ચોટલા કાપી નાખ્યા હતા
કોઈએ મને માત્ર ચુંબન જ કરેલું અને મને લાગેલું કે
હાય રે ! .. હવે નક્કી જ હું ગર્ભવતી થઈ જવાની
ખાતરી કરવા માટે મારું પેટ પણ તપાસ્યું હતું મેં.

મારી દાદીમા સાથે છું વાલોળ ચાવતી
વિચારું છું કે નક્કી હું સ્વર્ગમાં જ જઈશ
દાદીએ કહેલું- વાલોળ ખાય તેમના માટે તો
સ્વર્ગમાં જગ્યા ખાલી જ હોય.

મારો પહેલવહેલો પાપનો એકરાર એક પાદરી સામે
જે કર્યાં જ ન્હોતાં તેવાં પાપોય ઘડી કાઢી ને હું ત્યાં ગઈ'તી
કે મારી પાસે પાદરીને કહેવા માટે કશુંક તો હોય
કોઈ પ્રાચીન ભાષામાં અમે કેટલાંક સ્તોત્ર ગાયાં
જેનો અર્થ હું જાણતી નહોતી
મારા મા-બાપ મારી સાથે તળ-બોલીમાં જ વાત કરતાં

મને વિચાર આવ્યો કે મઠમાં નન બની જાઉં
અને બધી સામાજિક જવાબદારીઓથી દૂર
મારી પાસે એક જગ્યા હોય મારી પોતાની
પણ જ્યારે મેં જાણ્યું કે મારે ગણવેશ પહેરવો પડશે
અને ચુસ્ત નિયમોનું પાલન કરવું પડશે
મેં મારો વિચાર બદલી નાખ્યો




હું શતરંજ રમ્યા કરતી
મારા વિચારો અને યોજનાઓનાં મહોરાંને ચકાસતી રહેતી
મહોરાં પ્રતીક હતાં , કવિતાના શબ્દ જેવાં ,
મારી ચાલ સાથે ઊભી કરતી સંભાવનાઓને ,
શતરંજ રમવામાં હું આખાય ઇરાકમાં અવ્વલ હતી.
સમય સરકી રહ્યો હતો કાળા અને ગોરા વર્ગોની વચ્ચે.
યુદ્ધ શરૂ થયું અને મેં શતરંજ રમવાનું છોડી દીધું
એક બાદશાહને બચાવવા માટે
આટઆટલાં પ્યાદાંઓને મરાવી નાખવાનો કોઈ અર્થ નહોતો

એક દિવસ નિશાળેથી ઘરે આવતાં રસ્તો ભૂલી ગઈ
ને તે દુકાને પહોંચી ગઈ જ્યાંથી મારા દાદા મને ચોકલેટ અપાવતા
દુકાનદારે મને પૂછ્યું – મુસલમાન છે કે ઈસાઈ?
મને તો ખબર નહોતી
તેણે આગળ પૂછ્યું – મસ્જિદમાં જવું છું કે દેવળમાં ?
પણ મારેતો મારા દાદા પાસે જવું હતું.
મારા દાદા મને મળી ગયા દુકાન પર
અને મને ચોકલેટ અપાવી રોજની જેમ જ.
+++++

જીવવિજ્ઞાનના વર્ગમાં શિક્ષકે અમને અમીબા વિષે ભણાવ્યું
“ અમીબા પાસે એક આંખ અને એક પગ હોય છે
પણ તેને પોતાનો કોઈ નિશ્ચિત આકાર નથી હોતો”
શિક્ષકે કહ્યું “ તમે ઇચ્છો તેવું તેનું ચિત્ર બનાવી શકો છો”
મને લાગ્યું કે કવિતા એક અમીબા છે :
તેની પાસે એક આંખ હોય છે જોવા માટે
એક પગ હોય છે પદચિહ્ન છોડી જવા માટે
અને હોય છે એક લવચીક દેહ.
પણ મારા ઓરડામાં લેસન કરતાં તો
મેં ફક્ત અર્થહીન વાક્યો જ લખ્યાં છે.

+++++



કમ્પુટરનું માઉસ ક્લિક કરું છું અને સામે આવી જાય છે આ વારતાઓ .

દેડકો અને બાદશાહ

એક વખતની વાત છે. એક દેડકો હતો અને એક હતો બાદશાહ
દેડકો બાદશાહના મનમાં જઈને કૂદાકૂદ કર્યા કરતો
તેના એક એક ઉછાળે એક એક યુદ્ધ છેડાઈ જતું . પ્રજા તો હેરાન થઈ ગઈ
લોકોને કોઈ ઉપાય જ ના સૂઝે : કેમ કરીને રોકવી આ કૂદાકૂદને ?
જ્યારે વિધવાઓ અને અનાથોની સંખ્યા હદ બહારની વધી ગઈ
તો લોકોએ દેડકાને મનાવવા માટે બેઠક બોલાવી
દેડકાને એમ મનાવવા કે દેડકો કૂદાકૂદ ના કરે
અને કૂદાકૂદ કરે તો બાદશાહના મન સિવાય ક્યંક બીજે જઈને કરે.
તેઓ બોલ્યા “ બિચારો બાદશાહ , આમાં તેની કોઈ ભૂલ નથી...“

ચાંદાની વાત

આકાશના ચાંદાએ નદીના ચાંદા સાથે વાત કરી
આકાશનો ચાંદો એકાકી હતો
અને તેણે નદીના ચાંદાને ઊપર આકાશમાં આવવા કહ્યું
“ મારી સાથે એવું કોઈ જ નથી જેને હું કહી શકું મારી બધી વાતો”
“ આખી દુનિયા પોતપોતામાં રમમાણ છે.
હું ઉપરથી બધું જોયાં કરું છું
મને જરૂરત છે એક દોસ્તની”
નદીના ચાંદાએ કોઈ જવાબ ન આપ્યો.
અંતે આકાશના ચાંદાએ કહ્યું -
“ ઠીક છે તું ઉપર ન આવી શકતો હોય તો હું નીચે આવી જઉં છું.
આમ પણ ચડવા કરતાં પડવું વધારે સહેલું પડતું હોય છે”
તો.. ચાંદો કૂદી પડ્યો નદીમાં
અને નદીનું વહેણ તેને વહાવીને લઈ ગયું
સચ્ચાઈની ખબર તો અંધારું થયું તે પછી જ પડી તેને.

વૉલી બૉલ

ખેલાડીઓના હાથ વચ્ચે ઊછળી રહ્યો હતો વૉલી બૉલ
તેઓ તેને ઉછાળતા, પકડતા, કે પછી જોરથી મુક્કો મારતા રહેતા
વૉલી બૉલને હાથોનો ભય લાગવા લાગેલો
પણ તે લાચાર બની ઊછળ્યા કરતો અહીંથી તહીં
જમીન પર પડવા માટે તો તેને એવી રીતે રાહ જોવી પડે કે
જેમ તે રાહ જોતો હોય માશૂકના બાહુપાશમાં સમાઈ જવા.
એક નાના બાળકે બૉલને ઝાલ્યો
અને રાખી દીધો ચાર દીવાલોની વચ્ચે
બૉલે કોઈ ફરિયાદ ન કરી, બસ સપનાં જોતો રહ્યો
દીવાલોની પેલેપારની દુનિયાનાં.

(મનોજ પટેલના હીંદી અનુવાદ પરથી)

O તાસીર જુદી છે. (ગઝલસંગ્રહ - લક્ષ્મી ડોબરિયા.)



જિતુ પુરોહિત

'તાસીર જુદી છે' એ કવયિત્રી લક્ષ્મી ડોબરિયાનો પ્રથમ સ્વતંત્ર ગઝલસંગ્રહ છે. બાળપણમાં પોતાના ઘરમાં સાંભળવા મળતાં સંતકવિઓનાં ભજનો-કીર્તનો દ્વારા આ કવયિત્રીમાં કવિતાનાં બીજ રોપાયાં. બાદમાં ક્યારેક કાવ્યસ્વરૂપે અંકુરિત થયાં. આગળ જતાં એ શબ્દો સાથેનો લગાવ એમના માટે ધ્યાન, પૂજા, આરતી, ઉપચાર બની ગયો.

' છીપનો ચહેરો ગઝલ (અમૃત ' ઘાયલ', મકરંદ દવે), 'સમજીએ ગઝલનો લય' (જિતુ ત્રિવેદી) , 'ગઝલનાં રંગરૂપ'(ડૉ. રઇશ મનીઆર) , ' ગઝલવિમર્શ ' (રાજેશ વ્યાસ 'મિસ્કીન'), 'ગઝલનું છંદવિધાન' (સુમન અજમેરી) વગેરે પુસ્તકોના અભ્યાસથી આ કવયિત્રીમાં ગઝલપ્રકાર પ્રબળ બન્યો. કચ્છમાંથી ઉદ્યોગધામ રાજકોટમાં આવી, સ્થાયી થનારાં આ કવયિત્રીએ રાજકોટમાં પોતાની ગઝલપ્રતિભાને વિસ્તારી-પ્રસારી. એમની ગઝલોમાંથી ડોકાતું ગઝલત્વ માણવાલાયક બની રહે છે.

મારી બધી યે વાતની તાસીર જુદી છે,
ભીતર પડી એ ભાતની તસીર જુદી છે.

આ શેરથી શરૂ થતી એમની ગઝલયાત્રા આ પુસ્તકમાં

આ કલમ કાગળ અને એકાંત જેવી
બસ અમાનત આઠ-દસ મેં સાચવી છે.

આ શેર પર અટકે છે.

દરમિયાન વચ્ચે વચ્ચે જે અટકવા જેવાં મનમોહક સ્થળો આવે છે ત્યાં અટકી તેને માણ્યા વગર રહી શકાતું નથી.

જ્યાં મીણ કે બરફ થઈ ખુદને મળી શકો,
એવા બધા બનાવથી અજવાળું થાય છે.

ખુદને મળવાથી દિવ્યપ્રકાશ લાધી શકે એ વાતની સમજ આ કવયિત્રી સારી રીતે ધરાવે છે. તો સાથે જ તેમની વ્યવહારબુદ્ધિ પણ કુશાગ્ર છે. આ જુઓ-


સ્થિરતા સંબંધમાં આવી જશે,
બસ, સમયસર ઓછાવત્તા થઈ જુઓ.

સંબંધમાં સ્થિરતા માટે પોતે જાતે જ વેતરાઈ પનો ટૂંકો કરી સામેના પાત્ર સાથે સામ્ય પ્રાપ્ત કરવાની વાત ગમી જાય તેવી છે. તો બીજાની વેદનાને-દુઃખને પામી, કંઈક કરવાની આ વાત જુઓ-

આકાશ આંબવાનો ખરો અર્થ આમ કર,
કોઈનો હાથ ઝાલી તું પગભર કરી શકે.

ચંદ્ર સુધી પહોંચવા કરતાં કોઇના હૃદય સુધી પહોંચવાની આ વાત આપણને ગમી જાય તેવી છે.

પોતાની સર્જકતામાં રહેલું પોતીકાપણું આ કવયિત્રી ખુમારી સાથે આ રીતે પ્રગટ કરે છે-



પોતીકો છે અવાજ ને પોતીકું મૌન છે,
અજવાળું લૈ ઉછીનું ગુજારો નથી કર્યો.

પોતાની સર્જનપ્રક્રિયાના કારણ રૂપે આ કવયિત્રી લખે છે-

વારસો આપી જવાની છે પ્રથા એ કારણે,
દર્દના આકાર ઝીણા કોતરું કગળ ઉપર.

જીવનમાં ચડતી પછી પડતી, સુખ પછી દુઃખ આ બાબત સહજ છે એ વાત તેમણે આ રીતે પ્રગટ કરી છે -

જોયો મેં સૂર્ય સાંજનો તો વાત માની કે,
પાણી બધાંનાં થાય છે વળતાં, સમય જતાં.

આમ તો હજી ઘણું લખી શકાય, પણ ગમતી વાતનાં ગાડાં ન ભરાય એટલે હવે અટકું છું. પણ હજી થોડા શેર ટાંકવાની લાલચને રોકી શકતો નથી. અંતે લક્ષ્મી ડોબરિયાની ગઝલો હજી વધુ ને વધુ પાંગરે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા સાથે-

આયનાની સરભરાથી નહિ પૂરાય,
તારી અંદર જે તિરાડો હોય છે.

સૂર્યનો મહિમા જ કરવો હોય તો,
રાત ટાણે સ્થિર દીવા થઈ જુઓ.

અસ્તિત્વ મારું દંભ છે સાબિત થયું,
દર્પણમાં આ ચહેરો જુદો નહિતર મળે ?

અન્યથી તો ઠીક ખુદથી પર થયાં,
એ રીતે સોપાન સઘળાં સર થયાં.

“તાસીર જુદી છે” ગઝલસંગ્રહ - લક્ષ્મી ડોબરિયા
પ્રકાશકઃ- સી.એમ.ડોબરિયા, “સમન્વય” ૯, નહેરુનગર સોસાયટી
નાના મવા મેઇન રોડ, રાજકોટ સંપર્કઃ- ૯૬૮૭૫૧૯૯૫૨ પાનાં-૧૧૨ કિમત-૧૫૧ રૂપિયા.


o આ અંકના ફોટોકલાકાર



ઈવાન જેમ્સ એટવૂડ (Evan James Atwood) અમેરિકન મૂળના યુવા ફોટોકલાકાર છે જે ઉજમાળા કુદરતી પ્રકાશની વચ્ચે પોતાના વિષયને મૂકી જાણે છે. તેમના ફોટો બોલકા છે. તેમનું ‘Rain Water’ નામક કામ ખાસ્સુ પ્રખ્યાત છે. તેઓ કહે છે – મને માનવીય ભાવનાઓની અંધારી બાજુઓને પ્રદર્શિત કરવી ગમે છે. જો કે તેમાં આશાવદનો બળુકો સૂર પણ ભળેલો હોય છે.

અનેક રાષ્ટ્રિય અને અંતરરાષ્ટ્રિય મંચો પરથી તેમનું કામ પ્રદર્શીત થઈ રહ્યું છે અને પોંખાઈ રહ્યું છે. તેમને વિખ્યાત વેબ-પોર્ટલ ફ્લિકર દ્વારા શ્રેષ્ઠ વીસ યુવા પ્રતિભાઓમાં પસંદ કરાયેલ છે.

તેમનું કામ તેમની વેબસાઈટ ***www.evanjamesatwood.com***, https://www.flickr.com, facebook, instagram, તેમજ tumblr પરથી માણી શકાય છે.



અમૃત 'ઘાયલ'

૩૦-૯-૧૯૧૫ ૨૫-૧૨-૨૦૦૨

O કૈં ક્યારનો આમ જ

કૈં ક્યારનો આમ જ મુગ્ધ બની, આ મીનાબજારે ઊભો છું,
લાગી છે કતારો નજરોની નજરોની કતારે ઊભો છું.

પ્રત્યેક ગતિ પ્રત્યેક સ્થિતિ નિર્ભર છે અહીં સંકેત ઉપર,
એના જ ઇશારે ચાલ્યો'તો એના જ ઇશારે ઊભો છું.

આ તારી ગલીથી ઊઠી જવું, સાચે જ નથી મુશ્કિલ કિન્તુ,
તું સાંભળશે તો શું કહેશે ! બસ એ જ વિચારે ઊભો છું.

આ દરિયાદિલી દરિયાની હવા આકંઠ પીવા કેરી ય મજા,
ચાલ્યા જ કરું છું તેમ છતાં લાગે છે કિનારે ઊભો છું.

સમજાતું નથી કે ક્યાંથી મને આ આવું લાગ્યું છે ઘેલું !
જાકારો મળ્યો'તો જ્યાં સાંજે ત્યાં આવી સવારે ઊભો છું.

સાચે જ જનાજા જેવી છે, એ દોસ્ત દશા મારી ય હવે,
કાલે ય મજારે ઊભો'તો આજે ય મજારે ઊભો છું.

જોયા છે ઘણાને મેં 'ઘાયલ', આ ટોચેથી ફેંકાઇ જતાં,
એકાદ ઘડી આ તો એમ જ આવીને મિનારે ઊભો છું.

O અમૃત 'ઘાયલ'